ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# પંચાયત, પાલિકાની ચૂંટણી પહેલા ટ્રાન્સફરનો દોર ફરી પાછો આવશે

## સેન્ટ્રલ લાયબ્રેરીના ૭૦,૦૦૦થી વધુ પુસ્તકો ઈ-બુકમાં પરાવર્તિત કરાશે

ગુજરાત સરકારમાં સિનિયર ઓફિસરોની બદલીઓનો દોર ફરી પાછો આવી રહ્યો છે. ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલના ચાઈના પ્રવાસ પછી એટલે કે ૨૦મી મે પછી આઈએએસ અધિકારીઓ તેમજ પોલીસ ઓફિસરોનની ટ્રાન્સફર પણ નિશ્ચિત બની છે...

**ગુજરાતમાં હવે ઇ-બુક્સનું લોન્ચિંગ ...**

સોશ્યલ સાઈટ્સ, સ્માર્ટ મોબાઈલ તેમજ

## છત પર વીજળી પેદા કરવામાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમક્રમે






ઓફિસરોની બદલીઓ થઈ શકે છે. સરકારમાં એક ડઝન કરતા વધુ ઓફિસરો પાસે વધારાના ચાર્જ છે તેને દૂર કરવાનું પણ પ્લાનિંગ છે. નિવૃત્ત આઈએએસ અને ગુજરાત વિઝિલન્સ કમિશનર અચલકુમાર જોતિની નિયુક્તિ દિલ્હીમાં ભારતના ચૂંટણી પંચમાં થતાં તેમની ખાલી પડેલી જગ્યાએ નવી નિમણૂક કરવાની થાય છે. સરકારના મહત્વના વિભાગો

## હવે રાજ્યભરમાં ૧૧થી ૧૩ અને ૧૮થી ૨૦ જૂને શાળા પ્રવેશોત્સવ

જેવાં કે ફોરેસ્ટ, હોમ, સાયન્સ એન્ડ ટેકનોલોજી, મહેસૂલ તેમજ બોર્ડકોર્પોરેશનમાં મહત્વના ઓફિસરોમાં ફેરફારો થવાની સંભાવના છે. સચિવાલયના સૂત્રો જણાવે છે કે મોદી શાસનના એક વર્ષમાં ગુજરાતના દોઢ ડઝન કરતાં વધુ ઓફિસરોને ડેપ્યુટેશન પર દિલ્હી લઈ જવામાં આવ્યા છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને ધ્યાને રાખીને જિલ્લાસ્તરે બ્યુરોક્રેસી, ઉચ્ચ

ટેબલેટ્સના જમાનામાં પુસ્તકોનું વેચાણ ઘટ્યું છે પરંતુ તેનો રસ્તો ગુજરાત સરકારે કાઢ્યો છે. આજે પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ લખેલા પુસ્તકો ઓનલાઈન વાંચવા મળે છે, તેમણે વાંચે ગુજરાત અભિયાન સમયે એક સૂચન કર્યું હતું કે આપણી લાયબ્રેરીમાં જે પુસ્તકો છે તેને ડિઝિટલાઈઝડ કરવામાં આવે તો બહોળો વર્ગ મળી શકે છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ૭૦,૦૦૦થી વધુ પુસ્તકોના ૧.૯૫ કરોડ પાનાને ઈબુકના ફોરમેટમાં પરાવર્તિત કરવામાં આવી રહ્યાં છે. આ પુસ્તકો ઈલેક્ટ્રોનિક લાયબ્રેરી રીડર સોફ્ટવેર મારફતે કમ્પ્યુટર તેમજ એનરોઈડ એપ્લિકેશનથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પ્રોજેક્ટમાં હાલ ગુજરાતની મધ્યસ્થ લાયબ્રેરી, વડોદરાની સેન્ટ્રલ લાયબ્રેરી અને મહેસાણાના રિપોઝિટરી સેન્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે...

● અનુસંધાન પાન-૭ પર

# રાત્રે ગરમી વધતા વસાહતીઓ અકળાયા

ગાંધીનગર, તા. ૧૦

વૈશાખ મહિનાના અંતિમ દિવસોમાં ગાંધીનગરમાં કાળઝાળ ગરમી અનુભવાઈ રહી છે. હવે તો રાત્રી દરમ્યાન પણ તાપમાન ઉંચુ રહેતા વસાહતીઓ ખરેખર ખુબ અકળાઈ ગયા છે. આજે લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી જેટલુ ઉંચુ રહેતા જાણે ચોવીસ કલાક વસાહતીઓને ગરમી સહન કરવી પડે છે.

ઉનાળાના દિવસો વધુને વધુ આકરા બનતા જાય છે. મહત્તમ તાપમાન છેલ્લા ઘણા દિવસોથી ૪૧-૪૨ ડિગ્રીની વચ્ચે રહ્યું છે. તાપમાન ઉંચુ રહેવાની સાથે ગરમી લુ આખો દિવસ ફુંકાય છે. ભારે ગરમીની અસર જનજીવન પર જોવા મળી રહી છે. આખો દિવસ આકરી ગરમી પડ્યા બાદ પણ સાંજે જરાય ઠંડક થતી નથી. ગરમ લુ મોડી રાત સુધી અનુભવાય છે.

આજે મહત્તમ તાપમાન ૪૧.૩ ડિ.સે. નોંધાયુ હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭.૫ ડિ.સે. જેટલું ઉંચુ નોંધાતા વસાહતીઓ ત્રાસી ગયા હતા. રાત્રે પણ વસાહતીઓ પરસેવે રેબઝેબ થયા હતા. આજે ભેજનું પ્રમાણ ૬૦ ટકા જેટલુ નોંધાતા ગરમીની સાથે બફારો પણ ખુબ થયો હતો. સૌ કોઈ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી કેટલાક દિવસોમાં આવી જ ગરમી યથાવત રહેશે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીની નજીક પહોંચી શકે છે.

# ગરમીથી ત્રસ્ત પાટનગર યોજના ભવનના કર્મચારીઓને ઠંડક આપવા એરકુલર મુકાયા


## મોડ્યુલર ફર્નિચરની પેટર્નના લીધે ગરમી વધુ આકરી બની

ગાંધીનગર, તા ૧૦

શહેરમાં આકરી ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. ત્યારે આમ નાગરિકો સહિત કર્મચારીગણ પણ ગરમીથી ત્રસ્ત છે. આકાશમાંથી વરસતી અગ્નજવાળાના લીધે નગરજનો તોબા પોકારી ગયા છે. ગરમીના તીખા તેવરથી શ્રમજીવીઓની હાલત દયનીય બની ગઈ છે. ઓફિસ અને ઘરોમાં એ સી ધમધમી રહયા છે. પાટનગર યોજના વિભાગમાં પણ ગરમીથી ત્રાહીમામ કર્મચારીઓને ઠંડા રાખવા કુલરો ગોઠવી દેવાયા છે.

ગરમીનો પારો ૪૩ ડીગ્રીએ પહોચી જતા આકરી ગરમીથી નાગરિકો તોબા પોકારી ગયા છે. ઉનાળો આક્રમક બનતા નગરના જનજીવન પર ગરમીની અસર વર્તાઈ રહી છે. દિવસના માર્ગો સુમસામ જોવા મળી રહયા છે. નાગરિકો કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળે છે. ગરમીથી બચવા ઓફિસ અને ઘરોમાં એસી ધમધમી રહયા છે. આવા સંજોગોમાં પાટનગર યોજનાના કર્મચારીઓની હાલત પણ ગરમીથી દયાજનક બની છે. પાટનગર યોજનાની વિવિધ ડીવિઝનલ કચેરીઓમાં પાંચ વર્ષ અગાઉ પાટનગર યોજના ભવનની વિવિધ ડીવિઝનલ કચેરીઓને કાર્પોરેટ લુક આપવામાં આવ્યો હતો આ તબક્કે મોડ્યુલર ફર્નિચરથી કચેરીઓને સજ્જ કરવામાં આવી હતી. પરંતુ આ ફર્નિચર એ સી પેટર્ન મુજબનુ હોવાથી કર્મચારીઓ માટે શિરદર્દ ઉભો થયો છે. આ સ્થિતિ વચ્ચે કર્મચારીઓ ગરમીમાં અકળામણ અનુભવી રહયા છે.





● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં આજે અને કાલે પ્રસંગોની હારમાળા

## આમંત્રિતોના ત્યાં લગ્નની પત્રિકાઓના ઢગલા, એક જ દિવસના આયોજીત લગ્નોમાં હાજરીનો પ્રશ્ન

ગાંધીનગર, તા. ૧૦

લગ્ન સિઝન તેની પરાકાષ્ઠાએ પહોંચી ગઈ છે. જેમાં ગાંધીનગરમાં બે દિવસો દરમ્યાન લગ્ન પ્રસંગોની હારમાળા સર્જાઈ છે. આગામી વર્ષે લગ્નના મુહૂર્ત ન હોવાથી વૈશાખ માસમાં લગ્ન લઈ લેવાના નિર્ણયે એક બે દિવસમાં સંખ્યાબંધ લગ્નો આયોજીત થઈ ગયા છે. જેમાં વળી આમંત્રિતોના ત્યાં એક જ દિવસના એકથી વધારે લગ્નો હોવા સાથે લગ્ન પત્રિકાઓના ઢગલા થઈ ગયા છે. જેથી આ લગ્નોમાં હાજરી આપવા બાબતે પણ આમંત્રિતો મુંઝવણમાં મુકાઈ ગયા છે.

નગરમાં અનેક સ્થળોએ લગ્ન મંડપો કે જનોઈના પ્રસંગો માટેના સ્થળો નજરે પડી રહ્યા છે. રાત્રીના સમયે બેન્ડવાજા, ડી.જે. અથવા તો પાર્ટીના આયોજન થકી વાતાવરણ પ્રસંગોની હાજરીના પૂરાવા આપી રહ્યુ છે. બે જ દિવસ દરમ્યાન નગરમાં લગ્ન પ્રસંગોનો રાફડો ફાટ્યો છે. ઠેર ઠેર માર્ગો ઉપર વરઘોડા કે લગ્ન સંબંધી પ્રસંગોના મેળાવડા નજરે પડી રહ્યા છે. જો કે એક સાથે અનેક સ્થળોએ આયોજીત લગ્ન પ્રસંગો કે જનોઈ પ્રસંગો આમંત્રિતો માટે આકરા બન્યા છે.

નગરમાં સંબંધોની પારાશીશી સમાન આમંત્રણ અંગેની પત્રિકાઓનો જમાવડો આમંત્રિતોના ત્યાં થઈ ગયો છે. સંબંધો સાચવવાની પળોજણામાં એક સાથે એક જ દિવસે અનેક પ્રસંગોમાં હાજરી અને કરવો પડતો વ્યવહાર સાચવવો મુશ્કેલભર્યો બની ગયો છે. જો કે વ્યવહાર સાચવવામાં કુશળ વ્યવહારૂ લોકો કોઈક જગ્યા હાજરી તો કોઈક જગ્યાએ ભોજન અને મુલાકાત કરી સંબંધોને અકબંધ રાખવાના પ્રયાસ જરૂર કરે છે. છતાં પણ લગ્નોની સર્જાયેલી હારમાળાથી આમંત્રિતોમાં મુજવણ જરૂર ઉભી થઈ છે તે હકીકત હાલમાં ઉભી થઈ છે.

# મનપાની વિજીલન્સ એન્ડ મોનીટરીંગ સેલની ૧૨મીએ મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાની સીટી લેવલ વિજીલન્સ એન્ડ મોનીટરીંગ સેલની પ્રથમ બેઠક ૧૨મીએ સવારે મહાનગરપાલિકા ખાતે મળશે. આ બેઠકમાં સાંસદ શ્રી અડવાણી, ધારાસભ્ય શ્રી અશોક પટેલ સહિતના પદાધિકારીઓને હાજર રહેવા માટેના નિમંત્રણ પાઠવવામાં આવ્યા છે. રાજ્ય અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની સમીક્ષા તેમજ અમલવારી અંગે આ બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ થશે. વીજીલન્સ એન્ડ મોનીટરીંગ સેલ કોર્પોરેશન માટે અલાયદો બનાવવાના રાજ્ય સરકારના નિર્ણયને પગલે આ સેલની પ્રથમ બેઠક મળી રહી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની રચનાને ચાર વર્ષ થયા છે હજુ સત્તાઓની પુરી સોંપણી પણ થઈ નથી ત્યારે આ સેલની બેઠક અતિ મહત્વની પુરવાર થશે. આ બેઠકમાં વિવિધ યોજનાઓની અમલવારીને લઈ વિસ્તૃત ચર્ચાઓ થનાર હોવાથી આ બેઠક ગાંધીનગર શહેર માટે મહત્વની બની રહેશે. તંત્ર દ્વારા આ બેઠકને લઈ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ બેઠકમાં મુખ્યમંત્રી સ્વર્ણીમ શહેરી વિકાસ યોજના ઉપરાંત હેલ્થ, સેનીટેશન, શિક્ષણ સહિતની ઘણી બધી બાબતોને લઈ ચર્ચાઓ કરવામાં આવશે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૯ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૦૫૭૧

# નગરના સર્કલો ફરતે આકર્ષક ડિઝાઈનવાળી રેલીંગ નંખાઈ

## નવા રંગરૂપ સાથે બનાવાયેલા સર્કલોની સલામતી થઈ : રોનક વધી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટ સમયે સંપુર્ણ નગરને સજાવી ધજાવીને રૂપની રાણી બનાવી દેવાયું હતું. અને તે સમયે નગરમાં આવેલા સર્કલોની પણ મરામત હાથ ધરાઈ હતી. જેમાં દત્તક લેવાયેલા સર્કલોને જે તે દત્તક લેનારે રેલીંગ સાથે સુંદર સજાવટ કરી દીધી હતી. પરંતુ તંત્ર સંચાલિત સર્કલોને સજાવાયેલા ખરા પરંતુ રેલીંગ ન હોવાથી સર્કલમાં ઉભા કરાયેલા સૌંદર્યની સલામતીનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો અને જે તે સમયે આ અખબારે રેલીંગની જરૂરિયાત અંગે અહેવાલ પ્રગટ કર્યો હતો અને આ હકીકતને ધ્યાને લઈ તંત્ર દ્વારા હાલમાં નગરના સર્કલો ફરતે આકર્ષક ડિઝાઈન વાળી રેલીંગ નંખાઈ છે અને તેના કારણે સલામતી સાથે સર્કલોની રોનકમાં અનેકગણો વધારો થયો છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

નગરના સર્કલો એ પાટનગરની આન, બાન અને શાન છે. જે નગરમાં વાઈબ્રન્ટ સમિટ સમયે નગરજનો સર્કલોની મુલાકાત લેતાં હતા ત્યારે સમજાઈ ગયું હતું. આ સર્કલોમાં અમુક સર્કલોની જાળવણી કેટલીક સંસ્થાઓને સોંપી દત્તક આપી દેવાયા છે. જ્યારે કેટલાક સર્કલોને મનપા દ્વારા જાળવણી અને કેળવણી લેવાય છે. જેમાં વાઈબ્રન્ટ સમિટ સમયે મનપા સંચાલિત સર્કલોમાં અદ્‌ભુત રૂપરંગ સાથે આકર્ષક બનાવી દેવાયા હતા. પરંતુ આ સર્કલો ફરતે રેલીંગ ન હોવાથી સલામતીનો મોટો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. આ સર્કલોમાં નવા નંખાયેલા ઘાસને ચરવા પશુઓ ચડી જતા હતા અને કરાયેલા ખર્ચ અને દેખાવને રફેદફે કરી દેવાના સંજોગો સર્જાયા હતા. જેથી નગરજનો સર્કલોની સલામતી માટે ચિંતાતુર બન્યા હતા જેને આ અખબારે જે તે સમયે અહેવાલ પ્રગટ રેલીંગની જરૂરિયાત અંગેનો અહેવાલ પ્રગટ કરી તંત્રનુ ધ્યાન દોર્યુ હતુ.

હાલમાં મનપા દ્વારા રેલીંગ વગરના સર્કલો ફરતે આકર્ષક ડિઝાઈનવાળી રેલીંગ નંખાઈ રહી છે. જેથી આ સર્કલોની રોનકમાં અનેક ગણો વધારો થયો છે. અને સલામતી ઉભી થઈ ગઈ છે. લિલાછમ્મ ઘાસ

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના શાસનકાળમાં ૨૫ હજાર કરોડના આર્થિક કૌભાંડ : નિશિત વ્યાસ

## આર્થિક ગુનાખોરી માટે ગુજરાત સ્વર્ગ ભાજપના શાસનમાં બન્યુ છે

ગાંધીનગર, તા. ૧૦

આર્થિક ગુનાખોરી માટે ગુજરાત સ્વર્ગ બની વિસ્તરી રહ્યાનો ગંભીર આક્ષેપ કોંગ્રેસના મહામંત્રી અને પ્રવક્તા શ્રી નિશીત વ્યાસે કર્યો છે. તેમણે જણાવ્યું છે કે ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષના ભાજપના શાસનમાં ૨૫ હજાર કરોડના આર્થિક કૌભાંડો અને છેતરપીંડી બહાર આવ્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તા શ્રી નીશિત વ્યાસે જણાવ્યું હતું કે, ગુજરાતમાં સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોને મકાનોની લાલચો આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી કરનાર એન.એ. કન્સ્ટ્રક્શન એ તાજેતરનું સરકારના આશીર્વાદથી થયેલ સૌથી મોટું કૌભાંડ છે. સુરત, વડોદરા, રાજકોટ સહિત નાના-નાના શહેરી વિસ્તારોમાં મકાનના નામે લાખો રૂપિયાના ફુલેકા ફેરવવાની કામગીરી રોજબરોજની ઘટના બની ગઈ છે. રાજ્ય સરકારની આર્થિક ગુના નિવારણ શાખા કે પછી ક્રાઈમ બ્રાન્ચમાં તો ગણા બધા કિસ્સાઓમાં તો ગુના જ નોંધવામાં આવતા નથી. 'એક કા તીન' મોડ્સ ઓપરેન્ડી હેઠળ ગુજરાતમાં અનેક શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આર્થિક ગુનેગારો-કૌભાંડીઓ બેફામ બનીને નીતનવી સ્કીમો ચલાવે છે. સામાન્ય અને મધ્યમ વર્ગના જરૂરિયાતમંદ આવી સ્કીમોનો સીધો ભોગ બનતા હોય છે.

નીતિ અને નિયતથી વેપાર જગતમાં આગવી ઓળખ ઉભું કરનાર ગુજરાત આર્થિક ગુનેગારો માટે સ્વર્ગ સમાન બની ગયું છે. એક સમયે ગુજરાતમાં મહાજન અને સહકાર પ્રવૃત્તિઓ દેશને દિશા અને માર્ગદર્શન આપતા હતા, પરંતુ આજે આ બંને પ્રવૃત્તિઓને ભાજપ સરકારની નીતિના કારણે લુણો લાગ્યો છે. સુરત અને વડોદરાના સટ્ટાબેટીંગના માફિયાઓ ગતિશીલ ગુજરાતમાં બેફામ બન્યા છે. આર્થિક કૌભાંડીઓ નાની-નાની બેંક જેવી સ્કીમો કરીને નાના માણસોને પોતાના સાણસામાં લેતા હોય છે. અશોક જાડેજાનું 'એક કા તીન' કૌભાંડ, મલ્ટીલેવલ માર્કેટીંગમાં કરોડોના કૌભાંડ, સુરતમાં અફરોઝા કટ્ટાનું હવાલા કૌભાંડ, વડોદરામાં ટોમી પટેલનું સટ્ટાબેટીંગ કૌભાંડ, અમદાવાદ અને વડોદરામાં હાઉસીંગના નામે એન.એ. કન્ટ્રક્શનનું કૌભાંડ સહિત અનેક કૌભાંડો ગતિશીલ ગુજરાતમાં ભાજપ સરકારના મોડેલરૂપ છે.

જોઈએ છે
LED-TV • LCD-TV
બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ
મો. : ૯૪૨૭૫ ૪૪૮૩૫

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com